| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૫ | ૦૧ | ૨૦૧૫ |
| નોંધ્યા તારીખ | ૦૫ | ૦૧ | ૨૦૧૫ |
| ફેંસલ તારીખ | ૦૯ | ૦૫ | ૨૦૧૮ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૩ | ૦૪ | ૦૪ |

**મે. થર્ડ (એડ–હોક) એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ શ્રી એ. જે. કાનાણી**

**સાહેબની અદાલતમાં નવસારી, મુ.આહવા.**

સેશન્સ કેસ નં.૧/૨૦૧૫

આંક :

ફરિયાદી :–

શ્રી સરકાર.

(વઘઈ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.–૪૭/૨૦૧૪)

**વિ રૂ દ્ધ**

આરોપી :–

જલદભાઈ કાસુભાઈ પવાર

ઉં.વ.૩૫, ધંધો–મજુરી,

રહે.પીંપરી રાજફળીયુ, તા.વઘઈ, જિ.ડાંગ.

---

**ગુન્હો :– ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૩૦૨, ૩૨૩ મુજબ.**

---

---

સરકાર તરફે વિ.એડી.પી.પી.શ્રી એ. એન. મિસ્ત્રી

આરોપીઓ તરફે વિ.વ.શ્રી એસ. સી. બારે

---

**-: ઠ રા વ :-**

૧. આ કામે ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આ કામે આરોપી ઝનૂની સ્વભાવના અને ઝઘડા કરવાની ટેવવાળા છે અને આ ગુન્હાના કામે મરનાર વામનભાઈ કેસુભાઈ પવાર સાથે આરોપી અવારનવાર ઝઘડા કરતા આવેલા. ગઈ તા.૨૪-૯-૨૦૧૪ના રોજ રાત્રીના ૮.૩૦ના અરસામાં પીંપરી ગામે આરોપીએ આ ગુન્હાના કામે મરનાર વામનભાઈ કેસુભાઈ પવાર સાથે કોઈપણ કારણ વિના ઝઘડો કરી મરનારને નીચે પાડી દઈ તેમના પેટના ભાગે ચઢી જઈ કૂદાકૂદ કરી લાતો મારી પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડેલી, જે ઈજાઓના કારણે મરનારનું સારવાર દરમ્યાન તા.૨૬-૯-૨૦૧૪ના રોજ સાંજના ૭.૩૦ના સુમારે મૃત્યુ નીપજેલું. આમ આરોપીએ મરનારનું મૃત્યુ નીપજાવવાના ઈરાદે તેઓને ઉપર જણાવ્યા મુજબ માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી મૃત્યુ નીપજાવી ગુન્હો કરેલ. આ બનાવ અંગે ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ વઘઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી.

ફરીયાદીની ઉપરોકત વિગતોવાળી ફરીયાદ વઘઈ પોલીસ સ્ટેશને ફર્સ્ટ ગુન્હા રજિસ્ટર નં.૪૭/૨૦૧૪ થી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨, ૩૨૩ મુજબના ગુન્હા સબબ નોંધાયેલી.

૨. સદરહુ ફરિયાદની તપાસ ત.ક.અમલદારને સોંપાતા તેઓએ તપાસ સંભાળી લીધેલી. તેમણે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા, જરૂરી પંચનામા કરેલા, હાલના આરોપીને અટક કરેલા, સંબંધીત દસ્તાવેજી પુરાવા એકઠાં કરેલા તેમજ

તપાસના અંતે હાલના આરોપી વિરૂઘ્ધ પૂરતા પુરાવા જણાતા આરોપી સામે આહવાના વિ. જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૨૩ મુજબના ગુન્હા સબબ ચાર્જશીટ કરેલ, જે ફોજદારી કેસ નં.૧૭૧૨/૨૦૧૪ થી તા.૨૪–૧૨–૨૦૧૪ના રોજ નોંધાયેલ.

૩. હાલના આરોપી વિરૂઘ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૨૩ મુજબના ગુન્હાનું તહોમત હોઈ સદરહુ તહોમતવાળા ગુન્હાની ફરિયાદની ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તા માત્ર સેશન્સ અદાલતને હોઈ આહવાના વિઘ્વાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ મુજબ તા.૩૦–૧૨–૨૦૧૪ના રોજ કમીટલ હુકમથી કેસ મે. નવસારીની સેશન્સ કોર્ટને કમીટ કરેલ, જે સેશન્સ કેસ નં.૧/૨૦૧૫ થી નોંધવામાં આવેલ અને ત્યારબાદ સદરહુ કેસની કાયદેસરની ઈન્સાફી કાર્યવાહી કરવા સારું અત્રેની કોર્ટ તરફ તબદીલ કરવામાં આવેલ.

૪. આ કામના આરોપી જે તે સમયે જામીન મુકત થયેલા અને ટ્રાયલ દરમ્યાન અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો વિનામૂલ્યે મળી ગયાની ખાતરી કરવામાં આવેલ તેમજ આરોપી વિરૂઘ્ધ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ– ૨૨૮(૧)(બી) મુજબ આંક–૩ થી તહોમતનામું ફરમાવેલ છે, જે આરોપી રૂબરૂ વાંચી સંભળાવી સમજાવતાં આરોપીએ તેઓની સામેના ગુન્હાનો ઈન્કાર કરેલ છે અને કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવાની વિનંતી કરતાં તે મુજબ આરોપીનો આંક–૪ હેઠળ જવાબ નોંધવામાં આવેલ છે અને ત્યારબાદ, આરોપી સામેના સદરહુ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ, આરોપી સામેના સદરહુ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. વધુમાં આ કામે આરોપીપક્ષે ફરીયાદપક્ષના સાથે ઘરમેળે ગ્રામજનોની વચ્ચે ગામમાં તેમજ કુટુંબમાં કાયમી સુલેહ શાંતિ જળવાઈ રહે તથા દુશ્મનાવટનો અંત આવે તેવા શુભઆશયથી પંચો રૂબરૂ ઘરમેળે સમાધાન કરી દીધેલ અને આરોપીએ તે મતલબનું સમાધાન આંક–૧૫ થી રજુ કરેલ, પરંતુ આરોપી

સામેનું તહોમત જોતાં સી.આર.પી.સી.ની કલમ–૩૨૦ મુજબ કમ્પાઉન્ડેબલ ઓફેન્સ ન હોઈ જેથી અત્રેની કોર્ટે તે સમાધાન નામંજુર કરેલ અને કેસ આગળ ચલાવવા હુકમ કરેલ.

૫. સદરહુ કામે ફરિયાદ પક્ષ તરફથી તેમનાં કેસનાં સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો રજૂ કરવામાં અવેલ છે.

## –: મૌખિક પુરાવા :–

| સાહેદ નંબર | સાહેદનું નામ / વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી વિનોદભાઈ વામનભાઈ પવાર | ૦૮ |
| ૨ | સાહેદ મારથાબેન વિનોદભાઈ વાઢ | ૧૦ |
| ૩ | સાહેદ સુરજભાઈ ચંદરભાઈ પવાર | ૧૧ |
| ૪ | સાહેદ નિલેશભાઈ વામનભાઈ પવાર | ૧૯ |
| ૫ | સાહેદ વિજયભાઈ અરૂણભાઈ પવાર | ૨૦ |
| ૬ | પંચ વિજયભાઈ ઉલસચાભાઈ પવાર | ૨૬ |
| ૭ | પંચ અહમદભાઈ રાયસીંગભાઈ પવાર | ૨૯ |
| ૮ | સાહેદ દલુભાઈ ઠાકોરભાઈ ગામીત | ૩૩ |
| ૯ | સાહેદ વેરશીભાઈ ભીખાભાઈ આલ | ૩૫ |
| ૧૦ | ત.ક.અમલદાર મનીષભાઈ ઝીણાભાઈ પટેલ | ૩૮ |

૬. સદરહુ કામે ફરિયાદ પક્ષ તરફથી તેમનાં કેસનાં સમર્થનમાં નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં અવેલ છે.

## –: દસ્તાવેજી પુરાવા :–

| નંબર | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૦૯ |
| ૨ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું | ૨૨ |

| | | |
|---|---|---|
| ૩ | લાશની ઉપરથી કપડા રજુ કર્યાનું પંચનામું | ૨૩ |
| ૪ | અટક પંચનામું | ૨૪ |
| ૫ | મરણોત્તર પંચનામું | ૨૫ |
| ૬ | રીકવરી પંચનામું | ૨૭ |
| ૭ | પંચની સહી વાળી કાપલી | ૨૮ |
| ૮ | વઘઈ પોલીસ સ્ટેશનની સ્ટેશન ડાયરી | ૩૪ |
| ૯ | એફ.એસ.એલ. ઈન્વેસ્ટીગેશન વાનનો રીપોર્ટ | ૩૯ |
| ૧૦ | એટોપ્સી હીસ્ટો પેથોલોજી રીપોર્ટ | ૪૦ |
| ૧૧ | રવાનગી નોંધ | ૪૧ |
| ૧૨ | રવાનગી નોંધ | ૪૨ |
| ૧૩ | બાયોલોજીકલ પૃથ્થકરણ અહેવાલ | ૪૩ |
| ૧૪ | સીરોલોજીકલ પૃથ્થકરણ અહેવાલ | ૪૪ |
| ૧૫ | ઝેર શાસ્ત્રનો અહેવાલ | ૪૫ |

૭. ત્યારબાદ, ફરિયાદ પક્ષે શાહેદોનું ડ્રોપીંગ પુરશીશ આંક-૪૬ થી તથા સદરહુ કામે વધુ પુરાવો લેવા માંગતા નથી તેવી પુરાવો બંધ કરવાની પુરશીશ આંક-૪૭ થી આપવામાં આવેલ છે.

ત્યારબાદ, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરિયાદ પક્ષના કેસની હકિકતોને સંપૂર્ણપણે નકારી કાઢેલ છે. વધુમાં આરોપીએ તેઓની સામે ખોટો કેસ કરવામાં આવેલ હોવાનું અને પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે. આ કામે આરોપીએ જાતે સોગંદ પર કોઈ જુબાની આપેલ નથી કે પોતાના બચાવમાં કોઈ સાક્ષી તપાસેલ નથી.

૮. આ કામે ફરિયાદ પક્ષે સરકારી વકીલ શ્રી એ. એન. મિસ્ત્રીની દલીલો તથા બચાવ પક્ષે આરોપી તરફે વિ.વ.શ્રી એસ. સી. બારેની દલીલો સાંભળવામાં આવેલ છે.

૯. સદરહુ કામે બંને પક્ષની રજૂઆતો, કેસની હકિકતો અને અત્રે રજૂ થયેલ પુરાવા ધ્યાને લેતાં નીચે મુજબના મુદ્દાઓ આ અદાલતના નિર્ણય માટે ઉપસ્થિત થયેલ છે.

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામે આરોપી ઝનૂની સ્વભાવના અને ઝઘડા કરવાની ટેવવાળા છે અને આ ગુન્હાના કામે મરનાર વામનભાઈ કેસુભાઈ પવાર સાથે આરોપી અવારનવાર ઝઘડા કરતા આવેલા. ગઈ તા.૨૪–૯–૨૦૧૪ના રોજ રાત્રીના ૮.૩૦ના અરસામાં પીંપરી ગામે આરોપીએ આ ગુન્હાના કામે મરનાર વામનભાઈ કેસુભાઈ પવાર સાથે કોઈપણ કારણ વિના ઝઘડો કરી મરનારને નીચે પાડી દઈ તેમના પેટના ભાગે ચઢી જઈ કૂદાકૂદ કરી લાતો મારી પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડેલી, જે ઈજાઓના કારણે મરનારનું સારવાર દરમ્યાન તા.૨૬–૯–૨૦૧૪ના રોજ સાંજના ૭.૩૦ના સુમારે મૃત્યુ નીપજેલું. આમ આરોપીએ મરનારનું મૃત્યુ નીપજાવવાના ઈરાદે તેઓને ઉપર જણાવ્યા મુજબ માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી મૃત્યુ નીપજાવી ગુન્હો કરી ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૩૦૨, ૩૨૩ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૧૦. ઉપરોકત મુદ્દાઓના આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## -: કા ર ણો :-

**મુદ્દા નં. ૧ :-**

**૧૧.** આ કામે મુદ્દા નં.૧ની ચર્ચા શરૂ કરતા પહેલાં એ હકીકત નોંધણીય છે કે, આરોપીઓ પક્ષે ફરીયાદપક્ષના સાથે ઘરમેળે ગ્રામજનોની વચ્ચે ગામમાં તેમજ કુટુંબમાં કાયમી સુલેહ શાંતિ જળવાઈ રહે તથા દુશ્મનાવટનો અંત આવે તેવા શુભઆશયથી પંચો રૂબરૂ ઘરમેળે સમાધાન કરી દીધેલ અને આરોપીએ તે મતલબનું સમાધાન આંક-૧૫ થી રજુ કરેલ, પરંતુ આરોપી સામેનું તહોમત જોતાં સી.આર.પી.સી.ની કલમ-૩૨૦ મુજબ કમ્પાઉન્ડેબલ ઓફેન્સ ન હોઈ જેથી અત્રેની કોર્ટે તે સમાધાન નામંજુર કરેલ અને કેસ આગળ ચલાવવા હુકમ કરેલ. જે અન્વયે પ્રોસીકયુશને લાગતા વળગતા સાહેદોના મૌખિક પુરાવાઓ રજુ કરેલ અને ડોકયુમેન્ટરી એવીડન્સ પણ રજુ કરેલ અને પ્રોસીકયુશને પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવા માટે આ કામે વિ.એ.જી.પી.શ્રી મિસ્ત્રીએ એવી ભારપૂર્વક દલીલ કરેલ છે કે, આ કામે આરોપી સામે ઈ.પી.કો. કલમ-૩૦૨, ૩૨૩ મુજબના ગુન્હાનો આરોપ છે અને આરોપ મુજબ મરણ જનાર વામનભાઈ કેસુભાઈ પવાર સાથે આરોપી અવારનવાર ઝઘડા કરતો હતો તા.૨૪-૯-૨૦૧૪ના રોજ રાત્રિના સમયે આરોપીએ મરનાર વામનભાઈ સાથે કોઈપણ જાતના કારણ વગર ઝઘડો કરી તેઓને નીચે પાડી દઈ તેમના પેટના ભાગે ચઢી જઈ કૂદાકૂદ કરી લાતો મારી પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડેલી અને જે ઈજાઓના કારણે મરનારનું સારવાર દરમ્યાન તા.૨૬-૯-૨૦૧૪ના રોજ સાંજના સમયે મૃત્યુ નીપજાવેલાનો ફરિયાદમાં જણાવ્યા મુજબનો ગુન્હો કર્યો હોવાનો આરોપ છે અને આરોપી સામેનો ઉપરોકત આરોપ પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે કુલ-૧૦ જેટલા સાહેદો તપાસેલા છે અને જરૂરી દસ્તાવેજી પુરાવા પણ અગાઉ જણાવ્યા મુજબના રજૂ કરેલા છે. આમ હાલના આરોપીએ મરણ જનાર વામનભાઈને નીચે પાડી દઈ તેઓના પેટ ઉપર કૂદાકુદ કરી લાતો મારી ગંભીર ઈજાઓ પહોંચાડી અને સારવાર દરમ્યાન તેઓનું મૃત્યુ નિપજાવી ગુન્હો કરેલ હોઈ આરોપી વિરૂધ્ધ ગુન્હો પુરવાર થતો હોઈ આરોપી સામેનો કેસ

ફરીયાદપક્ષે નિ:શંકપણે સાબિત કરેલ છે તેવી ભારપૂર્વક દલીલ કરેલ છે અને યોગય સજા કરવા માટે પણ અરજ ગુજારેલ છે.

**૧૨.** ઉપરોકત સરકારી વકીલશ્રીની દલીલો લક્ષમાં લેતાં પહેલાં આ કામમાં આરોપી સામે મૂકાયેલ તહોમત કાયદાની કલમ ઈ.પી.કો. ૩૦૨ તથા ૩૨૩ ધ્યાને લેવી ખૂબજ જરૂરી છે અને આ કામમાં ૩૦૨ની સાથે સાપરાધ મનુષ્યવધ માટે કલમ-૨૯૯, ૩૦૦માં પણ ધ્યાને લેવી ખૂબજ જરૂરી છે.

**૩૦૨ – ખૂન માટે સજા**

**કોઈપણ વ્યીકત, ખૂન કરે તેને દેહાન્તદંડ અથવા આજીવન કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.**

**૨૯૯ – સાપરાધ મનુષ્યવધ :-**

**કોઈપણ વ્યકિત, મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી અથવા તેથી મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારિરીક ઈજા પહોંચાડવાના ઈરાદાથી અથવા પોતાના તેવા કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવે તેવો સંભવ છે તેવા જ્ઞાન સાથે કોઈ કૃત્ય કરીને મૃત્યુ નિપજાવે તે સાપરાધ મનુષ્યવધ ગુન્હો કરે છે.**

**૩૦૦ – ખૂન :-**

**હવે પછી અત્રે દર્શાવેલા અપવાદોના કિસ્સા સિવાય સાપરાધ મનુષ્યવધ તે ખૂન છે, જો જેથી મૃત્યુ નિપજયું હોય તે કૃત્ય મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી કર્યું હોય, અથવા**

**બીજું – જો ગુન્હેગારને એવું જ્ઞાન હોય કે જે વ્યકિતને શારિરીક હાનિ પહોંચી છે તેનું મૃત્યુ નિપજવાનો સંભવ છે અને તેવી શારિરીક હાનિ પહોંચાડવાના ઈરાદાથી કર્યું હોય, અથવા**

**ત્રીજું – જો, કોઈ વ્યકિતને શારિરીક ઈજા પહોંચાડવાના ઈરાદાથી કર્યુ હોય અને શારિરીક ઈજા પહોંચાડવા ધારી હોય તે કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા પૂરતી હોય, અથવા**

**ચોથું – જો, કૃત્ય કરનાર વ્યકિતને જ્ઞાન હોય કે તે એવું તત્કાલીન ભયજનક છે કે તમામ શકયતાઓ વચ્ચે મૃત્યુ જ નિપજે અથવા તેવી શારિરીક ઈજાથી મૃત્યુ નિપજવાની પૂરી સંભાવના હોય તથા મૃત્યુ નિપજાવવા માટે કે ઉપરની ઈજા પહોંચાડવા માટેનું જોખમ લેવાના કોઈ જ કારણ વગર તે કૃત્યુ કર્યુ હોય.**

**૩૨૩ સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવાની સજા :–**

**કોઈપણ વ્યકિત, કલમ–૩૩૪માં જણાવેલાં સંજોગોમાં હોય તે સિવાય સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડે તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.**

**આ કલમના તત્વો નીચે મુજબ છે.**

**૧. આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશકિત નિપજાવ્યા,**

**૨. આવું કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપૂર્વક કર્યુ હતું.**

**૧૩.** ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ તથા તત્વો લક્ષમાં લેતાં હાલના કામે આરોપીને તકસીરવાન ઠરાવવા માટે અને તેની વિરૂઘ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવા માટે પ્રોસીકયુશને સૌપ્રથમ તો એ હકીકત સાબિત કરવી પડે કે મરણ જનારનું મૃત્યુ હોમીસાઈડલ ડેથ છે એટલે કે સાપરાધ મનુષ્યવધ છે. વધુમાં ફરીયાદપક્ષે એવું પણ સાબિત કરવું પડે કે ઉપરોકત મનુષ્ય વધ આરોપી દ્વારા કરવામાં આવેલું અને ઉપરોકત સાપરાધ મનુષ્યવધ એ ખૂન હતું તે કલમ–૩૦૦ મુજબનું ખૂન હતું એટલે કે, કલમ–૨૯૯માં તથા

કલમ-૩૦૦માં તથા આઈ.પી.સી.ના અન્ય અપવાદોમાં તે સાપરાઘ મનુષ્યવઘ પડતુ ન હતું અને માત્રને માત્ર આરોપીએ જાણીબુઝીને ઈરાદા સાથે અથવા જ્ઞાન (નોલેજ) સાથે ભોગ બનનારનું મોત નિપજાવેલ.

**૧૪.** આ કામમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવા માટે ફરીયાદપક્ષે સાહેદ નં.૧ વિનોદભાઈ વામનભાઈ પવારને આંક-૮ થી તપાસેલા છે તેમની સરતાસમાં તેઓએ જણાવેલ છે કે,

*''....તેઓના પિતા વામનભાઈને આજથી ત્રણેક વર્ષ ઉપર મારેલું. બનાવ વખતે રાત્રે આઠ વાગ્યે તેઓ તેમના ઘરે હાજર હતા ત્યારે તેમના પિતાજીએ કહેલ કે તેઓ રમેશ ટ્રેલરની દુકાને જાય છે અને અરૂણભાઈના ઘરે સૂઈ જવાના છે તેમ જણાવેલ અને બીજા દિવસે સવારે સાત વાગે સંગીતાબેને તેઓને જણાવેલ કે, તારા બાપુજીને જલદે મારી નીચે પાડી દીઘેલો પછી પેટ ઉપર લાતો મારી ચડી બેસેલ અને ગમે તેમ ગાળો બોલી જતો રહેલો જેથી તેઓ તેમના બાપુજીની તપાસ કરતા જલદભાઈના ઘર પાસે પડેલ હોય તેઓ તથા તેમના પત્ની સાથે તેઓને ઘરે લઈ આવેલા અને તેમના બાપુજીએ જણાવેલુ કે જલદે મને મારી મારા પેટ ઉપર ચડી જઈ લાતો મારેલી અને ગાળો આપેલી જેથી તેઓના બાપુજીને પેટમાં દુખાવો થતા તેઓએ નીચલા ફળીયામાં રહેતા અનિશને બોલાવેલો અને તેઓએ ૧૦૮ એમ્બ્યુલન્સમાં તેમના બાપુજીને તેઓ તથા સુરજ વઘઈ સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યાંથી તેઓની સારવાર માટે વાંસદા લઈ ગયેલા અને સારવાર દરમ્યાન તેઓના બાપુજી બોલતા હતા અને કહેલ કે જલદ સાથે અગાઉ પણ તેઓને ઝઘડો થયેલો અને હાથમાં સામાન્ય ઈજા પહોંચાડેલી અને જલદ કાયમ માટે ઝઘડો કરી બીજાને નુકસાન પહોંચાડતો હોઈ તે માથાભારે માણસ હોઈ જેથી તેમના બાપુજીએ ફરીયાદ કરેલી નહીં*

*અને તેઓના બાપુજીનું સારવાર દરમ્યાન સાંજના સવા સાત વાગ્યે મરણ પામેલા અને તેઓએ આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલી. આરોપીને તેઓ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે. તેમને નિ.૬/૧ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે, જેમાં તેમના ડાબા હાથના અંગૂઠાનું નિશાન છે જે તેઓ ઓળખી બતાવે છે જે ફરીયાદ તેઓને પોલીસે વાંચી બતાવેલી અને ત્યારબાદ તેમના ડાબા હાથના અંગૂઠાનું નિશાન કરાવેલું જે ફરીયાદ આ કામમાં આંક–૯ થી રજુ છે. ...''*

**૧૪.૧** બચાવપક્ષે ફરીયાદીની ઉલટતપાસ ઘ્યાને લેતાં તેમાં તેઓએ એ વાત સ્પષ્ટપણે સ્વીકારેલ કે,

*''એ વાત ખરી છે કે, બનાવ અંગે મને કોઈ જાતમાહિતી નથી. એ વાત ખરી છે કે, જલદભાઈ કાસુભાઈનાઓ સાથે અમારા પિતાજી સાથે કોઈપણ પ્ર કારનો ઝઘડો થયેલ નહીં. એ વાત ખરી છે કે, સંગીતાબેને પણ મારા બાપુજીને જલદે મારી નાંખેલ હોય તેવી કોઈ વાત મને કરેલ નથી. એ વાત ખરી છે કે, મારા બાપુજીએ મને એવું જણાવેલ નથી કે જલદે મારા પેટ ઉપર બેસી લાતો મારેલી અને ગાળો આપેલી. એ વાત ખરી છે કે, મારા બાપુજીનું મરણ કેવી રીતે થયેલું, કોણે કરેલું તેની મને ખબર નથી કે કોઈએ મને વાત કરેલ નથી.''*

**૧૫.** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.૨ મારથાબેન વિનોદભાઈ વાઢને આંક–૧૦ થી તપાસેલા તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે,

*'....તેઓના સસરા વામનભાઈનું મરણ આજથી ત્રણેક વર્ષ અગાઉ થયેલું. બનાવના દિવસે સાંજે આઠ વાગ્યે તેઓના સસરા રમેશભાઈને ત્યાં મીરાઝ લેવા જાય છે અને અરૂણભાઈના ઘરે સૂઈ જવાના છે તેમ જણાવેલ*

*અને બીજા દિવસે સવારે સાત વાગે સંગીતાબેન તેઓના ઘરે આવેલા અને તેમના ધણીને જણાવેલ કે, જલદે તેના ઘર આગળ તારા બાપુજી સાથે ઝઘડો કરી નીચે પાડી દઈ પેટ ઉપર કુદાકુદ કરી લાતો મારી જતો રહેલો જેથી તેઓ તથા તેમના ધણી જલદભાઈના ઘર આગળ ગયેલા ત્યાં તેઓના સસરા પડેલા હતા અને તેઓ બન્ને તેમના સસરાને ઘરે લઈ આવેલા. તેમના સસરાએ જણાવેલું કે જલદે મને મારેલુ છે અને શરીરમાં દુખાવો થાય છે જેથી ૧૦૮ બોલાવી તેમના સસરાને તેઓના પતિ તથા સુરજ વઘઈ સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યાંથી વાંસદા વધુ સારવાર માટે લઈ ગયેલા અને સાંજે આઠેક વાગ્યે સારવાર દરમ્યાન તેઓના સસરાનું મૃત્યુ થયેલાનું જાણેલું અને પી. એમ. થઈને લાશ ઘરે આવતા વિધી કરેલી. બનાવ અંગે પોલીસે તેઓની પૂછપરછ કરેલી. આરોપીને તેઓ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે....''*

**૧૫.૧** બચાવપક્ષે ફરીયાદીની ઉલટતપાસ ધ્યાને લેતાં તેમાં તેઓએ એ વાત સ્પષ્ટપણે સ્વીકારેલ કે,

*''...એ વાત ખરી છે કે, બનાવ અંગે મને કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે, જલદભાઈ કાસુભાઈનાઓ સાથે અમારા સસરા સાથે કોઈપણ પ્ર કારનો ઝઘડો થયેલ નહીં. એ વાત ખરી છે કે, સંગીતાબેને પણ મારા સસરાને જલદે મારી નાંખેલ હોય તેવી કોઈ વાત મને કરેલ નથી. એ વાત ખરી છે કે, મારા સસરાએ મને એવું જણાવેલ નથી કે, જલદે મારા પેટ ઉપર બેસી લાતો મારેલી અને ગાળો આપેલી. એ વાત ખરી છે કે, મારા સસરાનું મરણ કેવી રીતે થયેલું, કોણે કરેલું તેની મને ખબર નથી કે કોઈએ મને વાત કરેલ નથી. ...''*

**૧૬.** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.૩ સુરજભાઈ ચંદરભાઈ પવારને આંક-૧૧ થી

તપાસેલા તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે,

*''...બનાવ આજથી ત્રણેક વર્ષ પહેલાં બનેલો. વામનભાઈ તેઓના મામા થાય છે. વામનભાઈને તેના છોકરો અને વહુ લઈ જતા હતા ત્યારે તેઓએ પૂછેલું કે શું થયું તો તેઓને એવું કહેલું કે લડાઈ થઈ છે અને કોની સાથે લડાઈ થઈ તે જણાવેલ નહીં અને પછી ૧૦૮ આવતા તેઓ તથા વિનોદભાઈ વામનભાઈને લઈ જઈ વઘઈ દવાખાને ગયેલા અને તેઓ ત્યાંથી ઘરે આવી ગયેલા અને વામનભાઈને વાંસદા વધુ સારવાર માટે લઈ ગયેલા અને તેઓને જાણવા મળેલ કે, વાંસદા કોટેજ હોસ્પીટલમાં વામનભાઈનું મૃત્યુ થયેલું. પોલીસે તેઓની પૂછપરછ કરેલી. તેઓને પાછળથી જાણવા મળેલું કે, તેઓના મામાને આ જલદભાઈએ મારેલું અને તેના કારણે તેઓનું મૃત્યુ થયેલું. આરોપીને તેઓ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે....''*

**૧૬.૧** બચાવપક્ષે ફરીયાદીની ઉલટતપાસ ધ્યાને લેતાં તેમાં તેઓએ એ વાત સ્પષ્ટપણે સ્વીકારેલ કે,

*'''...એ વાત ખરી છે કે, બનાવ અંગે મને કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે, જલદભાઈ કાસુભાઈનાઓ સાથે અમારા મામા સાથે કોઈપણ પ્રકારનો ઝઘડો થયેલ નહીં. એ વાત ખરી છે કે, સંગીતાબેને પણ મારા મામાને જલદે મારી નાંખેલ હોય તેવી કોઈ વાત મને કરેલ નથી. એ વાત ખરી છે કે, મારા મામાએ મને એવું જણાવેલ નથી કે, જલદે મારા પેટ ઉપર બેસી લાતો મારેલી અને ગાળો આપેલી. એ વાત ખરી છે કે, મારા મામાનું મરણ કેવી રીતે થયેલું, કોણે કરેલું તેની મને ખબર નથી કે કોઈએ મને વાત કરેલ નથી. ...'....''*

**૧૭.** આમ, ઉપરોકત ત્રણેય સાહેદોએ સરતપાસમાં ફરીયાદને અનુરૂપ જુબાની આપવાની કોશીશ કરેલી અને ફરીયાદીને બનાવ અંગે સંગીતાબેને જણાવેલું અને ફરીયાદીના પિતાજીએ પણ બનાવ અંગે જણાવેલ. તે જ રીતે સાહેદ મારથાબેનને પણ બનાવ અંગે સંગીતાબેને જણાવેલું અને તેણીના સસરા એટલે કે મરણ જનારે પણ બનાવ અંગે જાણ કરેલી. ત્યારબાદ ત્રીજા સાહેદ સુરજભાઈ હીયરસે વીટનેસ છે અને તેઓને બનાવ અંગે વાતોવાતથી જાણવા મળેલ. ઉપરોકત ત્રણેય સાહેદોની આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલી અને ઉલટતપાસમાં ત્રણેય સાહેદો ટકી શકેલ નહીં અને સરતપાસને રદીયો આપતી જુબાની ઉલટતપાસમાં આપેલ અને એવું સ્ પષ્ટપણે કબૂલ કરેલ કે, બનાવ અંગે તેઓ કાંઈ જાણતા નથી. આરોપી સાથે તેઓને કોઈ ઝઘડો થયેલ નથી અને સંગીતાબેને બનાવ અંગે કાંઈ જણાવેલ નથી કે વામનભાઇએ પણ આરોપીએ મારેલ હોય તેવું જણાવેલ નથી તથા ૧૦૮માં વામનભાઈએ કોઈ સાક્ષીને બનાવ અંગે કોઈ વાત કરેલ નથી અને વામનભાઈનું મરણ કેવી રીતે થયેલું તેની કોઇને ખબર નથી કે કોઈએ વાત પણ કરેલ નથી. આમ સાહેદોની ઉલટતપાસથી ફરીયાદપક્ષ મુદ્દા નં.૧ની હકીકત સાબિત કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

**૧૮.** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.૪ નિલેશભાઈ વામનભાઈ પવારને આંક-૧૯ થી તપાસેલા તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આજથી ત્રણેક વર્ષ પહેલા બનેલો. તા.૨૫-૯-૨૦૧૪ના રોજ સાંજના આઠ સાડા આઠ વાગ્યે તેઓના ભાઈનો ફોન આવેલ કે બાપુજીને કોઈકે મારેલ છે તે સિવાય તેઓ કાંઈ જાણતા નથી.

**૧૮.૧** બચાવપક્ષે ફરીયાદી સાહેદની ઉલટતપાસ કરેલ અને તેમની ઉલટતપાસમાં સાહેદે તેની સરતપાસને રદીયો આપતી જુબાની આપેલ અને તેઓએ ઉલટતપાસમાં એવું સ્પષ્ટપણે સ્વીકારેલ કે,

*''એ વાત ખરી છે કે, બનાવ અંગે મને કોઈ જાતમાહિતી નથી. એ વાત ખરી છે કે, જલદભાઈ કાસુભાઈનાઓ સાથે અમારા પિતાજી સાથે કોઈપણ*

*પ્રકારનો ઝઘડો થયેલ નહીં. એ વાત ખરી છે કે, સંગીતાબેને પણ મારા બાપુજીને જલદે મારી નાંખેલ હોય તેવી કોઈ વાત મને કરેલ નથી. એ વાત ખરી છે કે, મારા બાપુજીએ મને એવું જણાવેલ નથી કે જલદે મારા પેટ ઉપર બેસી લાતો મારેલી અને ગાળો આપેલી. એ વાત ખરી છે કે, મારા બાપુજીનું મરણ કેવી રીતે થયેલું, કોણે કરેલું તેની મને ખબર નથી કે કોઇએ મને વાત કરેલ નથી.''*

**૧૯.** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.૫ વિજયભાઈ અરૂણભાઈ પવારને આંક-૨૦ થી તપાસેલા તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આજથી ત્રણેક વર્ષ પહેલા બનેલો. તા.૨૬-૧-૨૦૧૪ના રોજ સાંજના આઠ સાડા આઠ વાગ્યે તેઓના કાકાનો દિકરો વિનોદ તેમના ઘરે આવેલ અને જણાવેલ કે, તેઓના કાકા વામનભાઈને કોઈકે મારેલ છે તે સિવાય તેઓ કાંઈ જાણતા નથી.

**૧૯.૧** બચાવપક્ષે ફરીયાદી સાહેદની ઉલટતપાસ કરેલ અને તેમની ઉલટતપાસમાં સાહેદે તેની સરતપાસને રદીયો આપતી જુબાની આપેલ અને તેઓએ ઉલટતપાસમાં એવું સ્પષ્ટપણે સ્વીકારેલ કે,

*''એ વાત ખરી છે કે, બનાવ અંગે મને કોઈ જાતમાહિતી નથી. એ વાત ખરી છે કે, જલદભાઈ કાસુભાઈનાઓ સાથે અમારા કાકા સાથે કોઈપણ પ્રકારનો ઝઘડો થયેલ નહીં. એ વાત ખરી છે કે, સંગીતાબેને પણ મારા કાકાને જલદે મારી નાંખેલ હોય તેવી કોઈ વાત મને કરેલ નથી. એ વાત ખરી છે કે, મારા મોટાભાઈએ મને એવું જણાવેલ નથી કે જલદે મારા કાકાના પેટ ઉપર બેસી લાતો મારેલી અને ગાળો આપેલી. એ વાત ખરી છે કે, મારા કાકાનું મરણ કેવી રીતે થયેલું, કોણે કરેલું તેની મને ખબર નથી કે કોઇએ મને વાત કરેલ નથી.''*

**૨૦.** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.૬ વિજયભાઈ ઉલસચાભાઈ પવારને આંક-૨૬ થી તપાસેલા તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આજથી ત્રણેક વર્ષ પહેલાં બનેલો. પોલીસે તેઓને આજથી બે એક વર્ષ પહેલાં પીપરી ગામના બસ સ્ટોપ ઉપર એક લખેલા કાગળ ઉપર સહી લીધેલી તેમાં શું લખેલું તેની તેઓને ખબર નથી. તેઓને નિ.૬/૫ વાળું પંચનામું બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે જે આ કામમાં આંક-૨૭ થી રજુ છે. તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં.૩ વાળી હાફ પેન્ટ તથા આર્ટીકલ નં.૪ લાલ કલરનું અડધી બાયનું ટી શર્ટ બતાવવામાં આવે છે જે મુદ્દામાલ આર્ટીકલ નં.૪ માંથી નીકળેલ પંચોની સહી વાળી કાપલી તેઓને બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૧ તરીકે તેઓની સહી છે જે પંચની સહી વાળી કાપલી આ કામમાં આંક-૨૮ થી રજુ છે.

**૨૦.૧** બચાવપક્ષે ફરીયાદીની ઉલટતપાસ ધ્યાને લેતાં તેમાં તેઓએ એ વાત સ્પષ્ટપણે સ્વીકારેલ કે,

*''...એ વાત ખરી છે કે, પોલીસે અમોને આરોપી સાથે કોઈ જગ્યાએ લઈ ગયેલ નથી અને આરોપીએ અમારી હાજરીમાં કોઈ કપડા રજુ કરેલ નથી....''*

**૨૧.** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.૭ અહમદભાઈ રાયસીંગભાઈ પવારને આંક-૨૯ થી તપાસેલા તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આજથી ત્રણેક વર્ષ પહેલાં બનેલો. પોલીસે તેઓને આજથી બે એક વર્ષ પહેલાં પીપરી ગામે ચોતરા ઉપર તેઓની કોરા કાગળ ઉપર સહી લીધેલી તેમાં શું લખેલું તેની તેઓને ખબર નથી. તેઓને આંક-૨૭ વાળું પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૨ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.૩ વાળી હાફ પેન્ટ તથા મુદ્દામાલ આર્ટીકલ નં.૪ વાળુ લાલ કલરનું અડધી બાયનું ટી શર્ટ બતાવવામાં આવે છે જે મુદ્દામાલ આર્ટીકલ નં.૪ માંથી નીકળેલ પંચોની સહી વાળી કાપલી તેઓને બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૨ તરીકે તેઓની સહી છે જે પંચની સહી વાળી કાપલી આ કામમાં આંક-૨૮ થી રજુ છે.

**૨૧.૧** બચાવપક્ષે ફરીયાદીની ઉલટતપાસ ધ્યાને લેતાં તેમાં તેઓએ એ વાત સ્પષ્ટપણે સ્વીકારેલ કે,

*''...એ વાત ખરી છે કે, પોલીસે અમોને આરોપી સાથે કોઈ જગ્યાએ લઈ ગયેલ નથી અને આરોપીએ અમારી હાજરીમાં કોઈ કપડા રજુ કરેલ નથી....''*

**૨૨.** ઉપરોકત સાહેદોએ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને બનાવ અંગે તેઓ કાંઈ જાણતા નથી તેવી સોગંદ ઉપર જુબાની આપેલ છે. ઉપરોકત સાહેદોએ એ.જી.પી.શ્રીએ હોસ્ટાઈલ ડિકલેર કરી ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પણ પૂછેલ તેમ છતાં સાહેદોએ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આ કામે ઉપરોકત પુરાવાઓનું વિશ્લેષણ કરવામાં આવે તો ઉપરોકત ફરીયાદપક્ષ તરફે રજુ થયેલા મૌખિક પુરાવાઓ એટલે કે સાક્ષીઓના મૌખિક સોગંદ ઉપરની જુબાનીનું વિશ્લેષણ કરવામાં આવે તો ઉપરોકત તમામ સાક્ષીઓની સોગંદ ઉપરની જુબાની પરથી એ હકીકત નિર્વીવાદ રીતે સાબિત થાય છે કે, મરનાર વામનભાઈ કેસુભાઈ પવારનું મૃત્યુ પેટના ભાગે ગંભીર ઈજાઓ થયેલ હતી અને સારવાર દરમ્યાન તેઓનું મૃત્યુ નીપજેલું. પરંતુ સામાપક્ષે ઉપરોકત મૌખિક પુરાવા પરથી હાલના આરોપીએ ઉપરોકત ઈજા કરી હોય કે હાલના આરોપીએ મરનાર વામનભાઈને નીચે પાડી દઈ તેમના પેટના ભાગે ચઢી જઈ કૂદાકૂદ કરી લાતો મારી પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડેલી, જે ઈજાઓના કારણે મરનારનું સારવાર દરમ્યાન મોત નીપજાવેલ હોય તેવું સાબિત થતું નથી. જેથી ઉપરોકત સાહેદોના પુરાવાના વિશ્લેષણ પરથી ફરીયાદપક્ષ મુદ્દા નં.૧ની હકીકત સાબિત કરવામાં નિષ્ફળ જાય છે.

**૨૩.** ત્યારબાદ આ કામમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવા માટે આંક-૨૨ થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામું, આંક-૨૩ થી લાશની ઉપરથી કપડા રજુ કર્યાનું પંચનામું, આંક-૨૪ થી અટક પંચનામું, આંક-૨૫ થી મરણોત્તર પંચનામું, આંક-૨૭ થી રીકવરી પંચનામું, આંક-૨૮ થી પંચોની સહી વાળી કાપલી, આંક-૩૪ થી

વઘઈ પોલીસ સ્ટેશનની સ્ટેશન ડાયરી, આંક–૩૯ થી એફ.એસ.એલ. ઈન્વેસ્ટીગેશન વાનનો રીપોર્ટ, આંક–૪૦ થી એટોપ્સી હીસ્ટો પેથોલોજી રીપોર્ટ, આંક–૪૧ થી રવાનગી નોંધ, આંક–૪૨ થી રવાનગી નોંધ, આંક–૪૩ થી બાયોલોજીકલ પૃથ્થકરણ અહેવાલ, આંક–૪૪ થી સીરોલોજીકલ પૃથ્થકરણ અહેવાલ, આંક–૪૫ થી ઝેર શાસ્ત્રનો અહેવાલ રજુ કરેલ. ઉપરોકત દસ્તાવેજોને આરોપીપક્ષે કબૂલ કરેલ અને પુરાવામાં વંચાણે લેવામાં આવે તો વાંધો નથી તેવો શેરો પણ મારેલ તેમ છતાં ઉપરોકત દસ્તાવેજ વંચાણે લેતાં આ કામમાં પ્રોસીકયુશન એ હકીકત સાબિત કરવામાં સફળ જાય છે કે, મરણ જનારનું મૃત્યુ પેટના ભાગે થયેલ ગંભીર ઈજાઓ થવાથી થયેલ છે, પરંતુ ઉપરોકત દસ્તાવેજી પુરાવા ઉપરથી હાલના આરોપી ધ્વારા મરણ જનારને ઈરાદાપૂર્વક ઈજા પહોંચાડવામાં આવેલ હોય અને તે ઈજાથી મરણ જનારનું મૃત્યુ થશે તેવું જ્ઞાન અરોપીને હોય તેવી કોઈ હકીકત દસ્તાવેજી પુરાવાથી પણ સાબિત થતી નથી, જેથી પણ મુદ્દા નં.૧ની હકીકતો ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકેલ નથી તેમ હું ઠરાવું છું.

**૨૪.** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.૮ દલુભાઈ ઠાકોરભાઈ ગામીતને આંક–૩૩ થી તપાસેલા તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, સને–૨૦૧૪માં તેઓ ડાંગ જિલ્લામાં એલ.સી.બી. પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૨૮–૯–૨૦૧૪ના રોજ વઘઈ પોલીસ સ્ટેશનનો વધારાનો ચાર્જ તેઓને સોંપાતા તે દરમ્યાન આ ગુન્હાના કામની તપાસ સંભાળતા જેમાં આરોપી જલદ કાશુને શરૂઆતના આઈ.ઓ.એ. અટક કરી નામદાર કોર્ટમાં મોકલી આપેલ, પરંતુ ગુન્હાવાળી જગ્યાની આજુબાજુના સાહેદોના નિવેદન લેવાની જરૂરત જણાતા જેમાં ફરીયાદમાં જણાવેલ સાહેદ અરૂણ તથા રમેશભાઈ તેમજ સંગીતાબેનના નિવેદનો લેવાના બાકી હતા જે તેઓએ સ્થળ ઉપર જઈ તા.૨૮–૯–૨૦૧૪ તથા તા.૨૯–૯–૨૦૧૪ના રોજ આશરે સાતેક જેટલા સાહેદોના નિવેદનો લેતા તેઓએ ફરીયાદમાં મળતી હકીકત લખાવતા તેઓના નિવેદન લઈ તા.૩૦–૯–૨૦૧૪ના રોજ રેગ્યુલર પી.એસ.આઈ. આવી જતા આગળની તપાસ તેઓને સોંપેલ.

**૨૫.** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.૯ વેરશીભાઈ ભીખાભાઈ આલને આંક–૩૫ થી તપાસેલા તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૪–૯–૨૦૧૪ના રોજ બનાવ બનેલો અને બનાવ તા.૨૬–૯–૨૦૧૪ના રોજ જાહેર થયેલ. તે દરમ્યાન તેઓ રજા પર હતા અને ત્યારબાદ રજા પરથી હાજર થઈ આ ગુન્હાની તપાસ તેઓએ સંભાળી લઈ તા.૨૭–૧૧–૨૦૧૪ના રોજ ભોગ બનનારના વિશેરા એફ.એસ.એલ. ખાતે મોકલી આપી આ ગુન્હાના કામે પુરતા પુરાવાના આધારે તા.૨૪–૧૨–૨૦૧૪ના રોજ ચાર્જશીટ કરી નામદાર કોર્ટમાં મોકલી આપેલ.

**૨૬.** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.૧૦ મનીષભાઈ ઝીણાભાઈ પટેલને આંક–૩૮ થી તપાસેલા તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ તા.૨૬–૯–૨૦૧૪ના રોજ વઘઈ ખાતે ઈન્ચાર્જ પો.સ.ઈ. તરીકે ફરજ પર હતા તે સમયે વાંસદા કોટેજ હોસ્પીટલથી વાંસદા પોલીસ સ્ટેશને ટેલીફોન વર્ધી આવેલ કે આ ગુન્હાની ફરીયાદ લેવાની હોઈ યોગ્ય અધિકારીશ્રીએ આગળની તજવીજ કરવા માટે કાર્યવાહી કરવી. જે અનુસંધાને તેઓ પોલીસ સ્ટાફ સાથે વાંસદા કોટેજ હોસ્પીટલે જઈ ફરીયાદી વિનોદભાઈ વામનભાઈએ ફરીયાદમાં જણાવ્યા મુજબની ફરીયાદ લખી લઈ તેને રજીસ્ટર થવા પી.એસ.ઓ. તરફ રવાના કરેલી. ત્યારબાદ ગુન્હાવાળી જગ્યાનું પંચનામું બે પંચોની હાજરીમાં કરી મરણ જનાર વામનભાઈનું ઈન્કવેસ્ટનું પંચનામું કરી પોસ્ટમોર્ટમ કરવા મેડિકલ ડોકટરશ્રી વાંસદાને પેનલ ડોકટરથી પી.એમ. કરવા સારૂ યાદી કરેલ. ત્યારબાદ જરૂરી સાહેદોના નિવેદનો લઈ અને ભોગ બનનાર તથા આરોપીના કપડા પંચનામાની રૂઈએ કબજે કરેલા અને આરોપી મળી આવતા નામદાર કોર્ટમાં રજુ કરેલ અને કોર્ટ કસ્ટડીમાં મોકલી આપેલ. ત્યારબાદ તેઓનો ચાર્જ પો.સ.ઈ. શ્રી ડી. ટી. ગામીતનાઓને સોંપવામાં આવેલ. તેઓને આંક–૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૭ વાળા પંચનામામાં તથા આંક–૨૮ વાળી પંચની સહી વાળી કાપલી બતાવવામાં આવે છે જે તેઓએ પંચો રૂબરૂ કબજે કરેલ તેજ છે અને તેમાં પંચોએ અને રૂબરૂ તરીકે તેઓની સહી કરેલ છે. આરોપીને તેઓ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે. તેઓને નિ.૬/૭ વાળો એફ.એસ.એલ. ઈન્વેસ્ટીગેશન વાનનો રીપોર્ટ

બતાવવામાં આવે છે, જે આ કામમાં આંક-૩૯ થી રજુ છે, નિ.૬/૮ વાળું એટોપ્સી હીસ્ટો પેથોલોજી રીપોર્ટ બતાવવામાં આવે છે જે આ કામમાં આંક-૪૦ થી રજુ છે, નિ.૬/૧૦ તથા નિ.૬/૧૧ વાળી રવાનગી નોંધ બતાવવામાં આવે છે જે અનુક્રમે આંક-૪૧ તથા આંક-૪૨ થી રજુ છે. નિ.૨૧/૧ વાળો બાયોલોજીકલ પૃથ્થકરણ અહેવાલ બતાવવામાં આવે છે જે આ કામમાં આંક-૪૩ થી રજુ છે. નિ.૨૧/૨ વાળો સીરોલોજીકલ અહેવાલ બતાવવામાં આવે છે જે આ કામમાં આંક-૪૪ થી રજુ છે. નિ.૨૧/૩ વાળો ઝેર શાસ્ત્રનો અહેવાલ બતાવવામાં આવે છે જે આ કામમાં આંક-૪૫ થી રજુ છે. તેમજ તેઓને આંક-૯ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે તે તેજ છે જે તેઓની રૂબરૂ લેવામાં આવેલ જેમાં ફરીયાદી તરીકે ફરીયાદીની સહી અને રૂબરૂ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.

**૨૭.** આમ, ઉપરોકત ત્રણેય સાક્ષીઓ તથા તપાસ કરનારશ્રીની સોગંદ પરની જુબાનીથી એ હકીકત નિર્વીવાદરીતે સાબિત થાય છે કે, હાલના મરણ જનાર વામનભાઈને પેટના ભાગે ગંભીર ઈજાઓ થવાથી તેઓનું મરણ થયેલ, પરંતુ ઉપરોકત ઈજા આરોપી ધ્વારા પુરતા જ્ઞાન અને ઈરાદાથી કરવામાં આવેલ તેવું સાબિત થતું નથી. વધુમાં ઉપરોકત તપાસ કરનાર અધિકારીની જુબાનીને કોઈ સ્વતંત્ર સાહેદો અને નજરે જોનાર સાહેદોએ સમર્થન આપેલ ન હોઈ તપાસ કરનાર અધિકારીના પુરાવાથી મુદ્દા નં.૧ની હકીકતને સમર્થન મળતું ન હોઈ ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેમ હું ઠરાવું છું.

**મુદ્દા નં.૨ :-**

**૨૮.** ઉપરોકત તમામ ચર્ચા લક્ષમાં રાખતા ફરિયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોઈ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## -: આખરી હુકમ :-

૧. ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૨૩૫(૧) અન્વયે આરોપી **જલદભાઈ કાસુભાઈ પવાર** રહે.પીંપરી રાજા ફળીયુ, તા.વઘઈ, જિ.ડાંગનાઓને ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ-૩૦૨, ૩૨૩ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબના મુદ્દામાલ આર્ટીકલ નં.૧ થી ૪નો અપીલ સમય વીત્યા બાદ નિયમાનુસાર નાશ કરવો.

૩. સદર હુકમ વિરૂધ્ધ અપીલ થાય તે સંજોગોમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭(એ) હેઠળ આરોપી કોર્ટ રૂબરૂ હાજર રહેશે તેવી ખાતરી આપતો રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) ની કિંમતનો જાતમુચરકો તથા જાતજામીન આરોપીએ ૬ માસ સુધી લંબાવી આપવાનાં રહેશે.

ચુકાદો આજરોજ તા.૯મી, માહે મે, સને-૨૦૧૮ના રોજ આહવા મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

આહવા.
તા.૦૯/૦૫/૨૦૧૮

**(અમીત જે. કાનાણી)**
થર્ડ (એડ-હોક) એડીશનલ સેશન્સ જજ
નવસારી, મુ.આહવા.
(જજ કોડ નં.૦૦૬૬૨)

Dt.09-05-18
3rd (Ad-hoc)
Sessions Judge